પડકાર ઝીલવામાં બે વાતો શક્ય છે કાં તો સફળ થશો અને કાં તો વધુ શિક્ષિત થશો
- જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૪ | ૪ જુલાઇ, ૨૦૧૪, શુક્રવાર; અષાઢ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શહેરના ૨૭૬ મકાનોમાં સોલાર ઊર્જાનું ઉત્પાદન

શહેરમાં સરકારી ઈમારતો અને ખાનગી મકાનોના ધાબા પરથી પાંચ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન થાય છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના ૨૭૬ મકાનો પર ૧ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે. જો કે ગાંધીનગરમાં કુલ ૭ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન હાથ ધરાયુ છે.

ઊર્જા વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગરમાં પાંચ મે.વો. સોલાર ઊર્જાના ઉત્પાદન માટે ખાનગી એજન્સીઓને કામગીરી સોંપવામાં આવી હતી. રાજ્ય સરકારે ગાંધીનગર માટે ખાસ રૂફ ટોપ પોલીસી પણ બનાવી હતી.

આ સૂત્રોએ જણાવ્યું છે કે ગ્રીન કનેક્ટેડ સોલાર રૂફ ટોપ પ્રોજેક્ટ અંતર્ગત એઝુરે પાવરને ૨.૫ મે.વો.ની કામગીરી સુપ્રત કરાઈ હતી. આ કંપનીએ સરકારી મકાનો પર ૨ મે.વો. આવી જ ઉત્પાદનની કામગીરી શરૂ પણ કરી દીધી છે. આ ઉપરાંત ૦.૫ મે.વો. વીજ ઉત્પાદન ૧૬૩ રહેણાંકના મકાનો પર ઉપકરણો લગાવી તેની કામગીરી પૂર્ણ કરી છે.

આ કંપની દ્વારા ૩ જી મે ૨૦૧૪ સુધીમાં ૪૮ લાખ યુનિટ વીજ ઉત્પાદન મેળવવામાં આવ્યું છે.

સોલાર સીટી પ્રોજેક્ટ અંતર્ગત ૨.૫ મે.વો.ની કામગીરી સન એડીસન નામની કંપનીને સુપ્રત કરાઈ હતી.

આ કંપનીએ સરકારી મકાનો પર ૨ મે.વો.માંથી ૧૬૮૫ કિ.વો. (૧.૬ મે.વો.)ની કાર્યવાહી પૂર્ણ કરેલ છે. જ્યારે ૦.૫ મે.વો. માટે ૧૧૩ મકાનોના ધાબા પર વીજ ઉત્પાદનના ઉપકરણો લગાવી કામગીરી પૂર્ણ કરી છે.

આ કંપનીએ પણ ૩જી મે સુધીમાં ૧,૫૨,૬૯૮૩ યુનિટ ગ્રીન વીજળીનું ઉત્પાદન મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં અસહ્ય બફારો

(તસવીર : કશ્યપ નિમાવત)

ગરમીનો પારો મહત્તમ ૩૯ ડિગ્રીએ અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ લઘુત્તમ ૩૩ ટકા રહ્યું : બફારાનું પ્રમાણ વધ્યું પણ આકાશમાં ઘનઘોર વાદળોની ગેરહાજરીથી ચિંતા

ગાંધીનગર, તા. ૩

ગઈકાલથી દેશના પશ્ચિમ દરિયાકાંઠે મુંબઈમાં મેઘરાજાની પધરામણી થતા ગુજરાતમાં પણ હવે વરસાદ ઢૂકડો જણાઈ રહ્યો છે. આજે ગાંધીનગરમાં દિવસ દરમ્યાન વરસાદ પહેલાના બફારાનો અનુભવ થયો હતો. ભારે બફારા વચ્ચે આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું અને ભેજનું લઘુત્તમ પ્રમાણ ૩૩ ટકા રહ્યું હતું.

છેલ્લા બે ત્રણ દિવસથી નગરમાં પ્રિ-મોન્સુન એટ્મોસ્ફિયર અનુભવાઈ રહ્યું છે. પરંતુ હજુ આકાશમાં વાદળોની હાજરી ઓછી વર્તાઈ રહી છે. વાતાવરણમાં બફારાનો અનુભવ થઈ રહ્યો છે અને ગરમીનો પારો ૩૯ ડિગ્રીએ આવી ગયો હોવા છતાં નગરજનો પંખા વગર રહી શકતા નહોતા. દિવસ દરમ્યાન પવનની લહેરખીઓ વચ્ચે વચ્ચે રાહત પુરી પાડી હતી. પરંતુ બપોરના સમયે ઉકળાટે નગરજનોને હેરાન પરેશાન કરી મુક્યા હતા.

આજે લઘુત્તમ તાપમાન ૨૯.૨ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું અને સવારે ભેજનું મહત્તમ પ્રમાણ ૬૮ ટકા હતુ જે સાંજે ઘટીને ૩૩ ટકા રહ્યુ હતુ. જુન માસ પુરેપુરો કોરો ધાકોર

● અનુસંધાન પાન-૭ પર

વેલકમ રવિશંકર - ગુડબાય પી. સ્વરૂપ

નવનિયુકત કલેકટર અને કમિશનર આગામી સપ્તાહના આરંભે ચાર્જ લેશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના નવનિયુકત કલેકટર અને મ્યુનિ. કમિશનરશ્રી આગામી સપ્તાહે તેમના નવા હોદ્દાના ચાર્જ સંભાળશે.

જિલ્લા કલેકટર તરીકે નિયુક્તિ પામેલ રવિશંકર આવતા સપ્તાહે તેઓ હોદ્દો સંભાળશે. શ્રી રવિશંકર અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સફળતાપૂર્વક સેવાઓ આપી રહ્યા હતા.

ગુજરાત સરકારે ગઈ કાલે રાત્રે સનદી અધિકારીઓની બદલીના કરેલા હુકમોમાં ગાંધીનગર કલેકટર ડૉ. પી. સ્વરૂપની બદલી ઈન્ડેક્ષ બીના મેને. ડિરેકટર તરીકે કરવામાં આવી છે. તો ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર તરીકે શ્રી જી. આર. ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે. આ જગ્યા કમિશનરશ્રી વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં ખાલી હતી અને તેનો ચાર્જ જિલ્લા કલેકટરશ્રી પાસે હતો.

જિલ્લા કલેકટરશ્રી ડૉ. સ્વરૂપ આજે સાંજે ઓફિસ સમયપૂર્ણ થયા બાદ પોતાનો હોદ્દો છોડી શનિવારે નવા

● અનુસંધાન પાન-૭ પર

કાયદો વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ અંગે ચર્ચાની માંગ સાથે વિપક્ષનો હોબાળો

વિપક્ષના ચાર સભ્યો વેલમાં ધસી આવતા એક દિવસ માટે સસ્પેન્ડ કરાયા : વિપક્ષનો ગૃહમાંથી વોક આઉટ

ગાંધીનગર, તા.૩

વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ બાદ શૂન્યકાળમાં મુદ્દો ઉઠાવવાની વિપક્ષી માંગણી ફગાવતાં વિપક્ષના ચાર સભ્યો વેલમાં ધસી આવી હોબાળો મચાવતાં એક દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં.

વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરીકાળ બાદ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઉભા થઈ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે શૂન્યકાળમાં મુદ્દો ઉઠાવવાની માંગણી કરી હતી.

જો કે વિધાનસભા અધ્યક્ષે શૂન્યકાળની માગણીનો અસ્વિકાર કરતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ગૃહમાં હોબાળો મચાવી દીધો હતો અને વિપક્ષના ચાર સભ્યો વેલમાં ધસી આવીને બેસતા ગૃહની કાર્યવાહી ખોરવાઈ જવા પામી હતી.

અધ્યક્ષની વિનંતી છતાં પણ કોંગ્રેસના સભ્યો પોતાની પાટલી પર પાછા ન ફરતાં અધ્યક્ષે વેલમાં ધસી આવેલા કોંગ્રેસના ચાર સભ્યો રાજેન્દ્રસિંહ, ધારાસભ્ય ચંદ્રીકાબેન, ધારાસભ્ય તેજસ્વીનીબેન અને ધારાસભ્ય કામીનીબાને એક દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં. જેથી સાર્જન્ટોએ આ ધારાસભ્યોને ગૃહમાંથી બહાર લઈ ગયા હતાં.

શૂન્યકાળમાં મુદ્દો ઉઠાવવાની માંગણી સ્વીકારવામાં ન આવતાં વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતાં. આમ વિપક્ષની ગેરહાજરીમાં વિધેયકની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

TET-1 ધોરણ 1 થી 5 માટે જ

ભણાવવામાં આવતા વિષયો :
• બાળ વિકાસ અને શિક્ષણ • ગુજરાતી
• પર્યાવરણ • ગણિત • હિન્દી • સંસ્કૃત
• અંગ્રેજી • વિજ્ઞાન અને ટેકનોલોજી
• સામાજિક વિજ્ઞાન • સામાન્ય જ્ઞાન

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max. 3 months)

ફી માત્ર ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

TET ધો 1 થી 5

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ	
પેથાપુર શાખા માટે	13.07.2014	બપોરના 2-30 થી 4-30	સોમ થી રવિ	
	10.07.2014	બપોરના 12-15 થી 2-15	સોમ થી રવિ	ગાંધીનગર શાખા માટે
મહેસાણા શાખા માટે	11.07.2014	બપોરના 4-15 થી 6-15	સોમ થી રવિ	

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, સ-2 થી સ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 પ્રથમ માળ, વિહાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

પેથાપુર શાખા 10.7.2014 (ગુરૂવાર) થી શરૂ થશે
ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં પ્રવેશ 10.7.2014 થી શરૂ થશે

ક્લાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ

માસ્ટર કોર્ષ-2014

4 માસનો અભ્યાસક્રમ | ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન | સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ	
પેથાપુર શાખા માટે	18.07.2014	સાંજના 4-30 થી 6-00	સોમ થી શુક્ર	
	11.07.2014	સાંજના 4-15 થી 5-45	સોમ થી શુક્ર	ગાંધીનગર શાખા માટે
મહેસાણા શાખા માટે	15.07.2014	બપોરના 12-15 થી 1-45	સોમ થી શુક્ર	

BANK CLERK (IBPS)

શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ | 4 માસનો અભ્યાસક્રમ

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
પેથાપુર શાખા માટે	18.07.2014	બપોરના 2-45 થી 4-15	સોમ થી શુક્ર
ગાંધીનગર શાખા માટે	17.07.2014	બપોરના 12-45 થી 2-15	સોમ થી શુક્ર
મહેસાણા શાખા માટે	21.07.2014	સવારના 10-30 થી 12-00	સોમ થી શુક્ર

ધો.૧૧ વિજ્ઞાનપ્રવાહના સેમે-૨માં ગાંધીનગરના ૪ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યા : ૪ માંથી ૨ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ-સરગાસણના

સતત ઉચ્ચ પરિણામો સાથે નં-૧ નો સરતાજ જાળવી રાખતી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ સરગાસણના

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ- સરગાસણના ૨ વિદ્યાર્થીએ એ-૧ ગ્રેડ મેળવ્યો

ગાંધીનગર જીલ્લામાં એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવનારા કુલ ૪ વિદ્યાર્થીઓમાંથી ૨ ગુજરાતી માધ્યમના અને ૨ અંગ્રેજી માધ્યમના છે. ગુજરાતી માધ્યમમાં એ-૧ ગ્રેડ મેળવનાર બંને વિદ્યાર્થીઓ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ-સરગાસણ ના છે. તેમાં પટેલ જેનિસે ફીઝીક્સ, બાયોલોજી અને કેમેસ્ટ્રીમાં દરેક વિષયમાં ૯૬ ગુણ મેળવ્યા છે તેમજ ઋત્વિક પટેલે બાયોલોજીમાં ૯૯, ફીઝીક્સમાં ૯૬ અને કેમેસ્ટ્રીમાં ૯૫ ગુણ મેળવ્યા છે. સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સના આ ૨ વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઈ સ્કુલના વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરી શકયા નથી. વિશેષ સિધ્ધિ અને ગૌરવ અપાવવા બદલ શાળા દ્વારા પણ આ બે વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એપ્રિલમાં લેવાયેલી ધો.૧૧ વિજ્ઞાનપ્રવાહના દ્વિતીય સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે ત્યારે જાહેર થયેલા પરીક્ષામમાં ગાંધીનગર જીલ્લાના ફકત ૪ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યા છે. જેમાંથી ૨ ગુજરાતી માધ્યમ અને ૨ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ છે. અહીં ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ સિવાય કોઈપણ સ્કુલના વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ પ્રાપ્ત થયો નથી. આ સાથે જ સતત ૭ વર્ષથી ઉચ્ચ પરિણામો અને સૌથી વધારે ટોપટેન વિદ્યાર્થીઓ આપી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સે નં-૧ સ્કૂલનો તાજ જાળવી રાખ્યો છે.

એપ્રિલ ૨૦૧૪માં ગાંધીનગર જીલ્લામાંથી ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહમાં ૫૬૫૪ વિદ્યાર્થીમાંથી ૫૬૪૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં સમગ્ર ગાંધીનગર જીલ્લામાંથી ગુજરાતી માધ્યમમાં માત્ર ૨ જ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ બંને વિદ્યાર્થીઓએ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સનું નામ રોશન કર્યું છે. સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સમાં અભ્યાસ કરતાં ઋત્વિકે ૫૦૦ માંથી ૪૬૨ માર્ક મેળવીને ૯૨.૪ ટકા સાથે ગુજરાતી માધ્યમમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે, જયારે જેનીશ પટેલે ૪૬૦ ગુણ મેળવી ૯૨ ટકા મેળવ્યા છે.

ગાંધીનગર જીલ્લામાં ૪ એ-૧ ગ્રેડના વિદ્યાર્થીઓ ઉપરાંત ૯૭ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યા છે. જેમાં પણ સહજાનંદ સ્કુલ ઓફ એચિવર્સના ૩૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સના વિદ્યાર્થીઓએ જવલંત રીઝલ્ટ સાથે સ્કુલને ગૌરવ અપાવ્યું છે અને સમગ્ર જીલ્લાની કોઈપણ સ્કુલના વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ રીઝલ્ટ મેળવી શકયા નથી તેથી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ માત્ર ગાંધીનગર જીલ્લા જ નહિં પરંતુ સમગ્ર ગુજરાતમાં સતત ૭ વર્ષથી ઉચ્ચ પરિણામ આપતી સંસ્થા બની છે. આ સ્કુલ ના જ અનેક વિદ્યાર્થીઓએ એકધારી સફળતા મેળવી એન્જીનીયરીંગ અને મેડીકલ ક્ષેત્રે સ્થાન મેળવ્યું છે અને અનેક વિદ્યાર્થીઓ અત્યારે ડોકટર અને એન્જીનીયર બની સમાજમાં સેવા પ્રદાન કરી રહ્યા છે. આ વર્ષે ધો. ૧૧ સાયન્સ સેમે-૨ના જાહેર થયેલા પરીણામોમાં ગુજરાતી માધ્યમમાં એ-૧ ગ્રેડ મેળવનારા ૨ વિદ્યાર્થીઓ તથા ૨૨ વિદ્યાર્થીઓએ ૯૯ થી વધુ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. જયારે ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૯૦થી વધુ પર્સેન્ટાઈલ મેળવ્યા છે.

અહીં ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જીલ્લાની બીજી કોઈપણ સ્કૂલે આટલું જવલંત પરીણામ મેળવ્યું નથી.

ધો.૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં સતત ૭ વર્ષથી ગુજરાતી માધ્યમમાં ઉચ્ચ પરીણામ થકી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર્સ -સરગાસણ લોકપ્રિય બની ગઈ છે